Shree Swaminarayan Vijaytetram

# Ekadashi Letter - Gujarati

**By: Swami Shree Akshar Jivan Dasji**

Published by:
Shree Swaminarayan Temple Bhuj
Web Exculsive

With the blessings of:
Mahant Purani Swami Shree Dharmanandan Dasji

Shree Swaminarayan Temple - Bhuj
Tirth Dham, Bhuj, Kutch
370001, Gujarat, India
Tel: +91 2832 250231
Fax: +91 2832 250131

www.bhujmandir.org
info@bhujmandir.org

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજીનો ઉપદેશામૃત પત્ર.

## પ્રકાશક :-

## શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ

## શ્રી કચ્છ ભુજ સ્વામિનારાયણ મંદિર નિવાસી સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજીનો પ્રત્યેક એકાદશીએ વાંચવાનો ઉપદેશામૃત પત્ર.

કેટલાએક દેશમાં તથા પરદેશમાં રહેનારા સત્સંગીઓને અસાવધાન પણું ટાળવા માટે અતિ આગ્રહપૂર્વક આ કાગળ લખવાની જરૂરી છે.

કચ્છપ્રાંત મધ્યેની ઉદ્ધવી સંપ્રદાયના સત્સંગી સમસ્ત પ્રત્યે લખવાનું કે આ કલિયુગમાં શ્રી સહજાનંદ સ્વામી પૂર્ણપુરૂષોત્તમ ભગવાનનો અવતાર થયો તે ભેળા અનંત મુક્ત આવ્યા હતા. તેમણે પોતાનો ઉત્કૃષ્ટ પ્રતાપ જણાવી કલીને દબાવી દઈને સતયુગ જેવા દેશકાળ અનેક જીવોના કલ્યાણને અર્થે પ્રવર્તાવ્યા છે, માટે જે મુમુક્ષુ હોય અને શ્રીજીમહારાજના ધામમાં જાવું હોય, તેને ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા વાસુદેવાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામી



વિગેરે અનંત અક્ષરમુક્ત શ્રીજી મહારાજની સાથે હતા. તેનાં કરેલાં શાસ્ત્રો, તેના શબ્દની હારું કરવી જે એ સર્વે કેવી રીતે વરતી ગયા છે. અને આપણને શું કરવાનું બતાવી ગયા છે, તે ઉપર હમેશાં સુરત રાખવી. અને ત્યાગીના ધર્મ શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુધ્ધિ તે ઉપર ત્યાગીને ઘણી સુરત રાખવી, ગૃહસ્થને શિક્ષાપત્રી, વચનામૃત તથા નીતિ જેથી ઘણો વિવેક સમજાય, તો મન ઈન્દ્રિયો ને સ્વભાવમાં શાંતિ થાય,

*કેમ જે શાંતિ જેવું કોઈ તપ નથી અને સંતોષ જેવું સુખ નથી,*
*રસના જેવી કોઈ વ્યાધિ નથી અને દયા જેવો કોઈ ધર્મ નથી.*

માટે શત્રુ તથા મિત્ર, મન તથા ઈન્દ્રિયોજ છે. તે કહ્યું છે જે

*"જગમેં વેરી કોઈ નહીં, જો મન શીતળ હોય;*
*આપા મેટી ખેલીએ, તો દયા કરે સબ કોય"*

માટે એ સર્વે રૂડા ગુણ સાધુના સમાગમથી અને શ્રવણ કરવાથી આવે છે. તે વચનામૃતમાં કહ્યું છે જે "જેને કથા વાર્તામાં રૂચિ નહીં તેની કોરની એમ અટકળ કરવી જે એને વિષે મોટા ગુણ નહીં આવે."

માટે સાધુનો સમાગમ કર્યા વિના ગમે તેવો બુદ્ધિવાન હોય, તથા વિદ્વાન હોય પણ શાસ્ત્રનો હારદ જેમ છે તેમ પોતાની બુદ્ધિબળે સમજાતો નથી. માટે હંમેશાં સાધુનો સમાગમ, આળસ, અજ્ઞાન, અભિમાન મુકીને અવશ્ય કરવો. કારણ કે, જીવ પ્રાણી માત્રને પોતાના ડહાપણનો ડોળ ઘણો છે તેથી પાછું વાળીને જોતા નથી એ મોટી ભુલ છે, તે સમાગમથી ઓળખાય, અને ટાળવી હોય તો ટળે પણ ખરી. પણ ચાલોચાલ સત્સંગમાં આવે, કથામાં બેસે, પણ વૃત્તિઓ ક્યાંય ફરતી હોય તો પણ જેમ છે તેમ સમજાતું નથી. માટે

બબે ઘડી વૃત્તિ નિયમમાં રાખીને એકાગ્રવૃત્તિથી કથાનું શ્રવણ કરવું. તો જીવને ફેર ચડ્યા છે તે કસર ટાળવાનો મોટો ઉપાય છે. માટે શ્રીજી મહારાજની વાતું તથા મોટા એકાંતિકની વાતો મનન કરી જીવમાં ઉતારવી, તેમાં ઘણી શાંતિ રહી છે.

જે ભગવાનના ભક્તને સંતનો સમાગમ થોડો હોય ને શાસ્ત્રનો પણ અભ્યાસ થોડો હોય, તેને અર્થે સુગમ સમજવા માટે ખુલ્લા શબ્દો લખીએ છીએ.માટે આ કાગળ જીવ ઠેકાણે રાખી બરાબર સૌ સત્સંગી સાંભળજો. ખરી રીતે મનન કરજો તો બહુકામ આવશે, અને આ હકિકત લખીએ છીએ તે સૌ બાઈ ભાઈઓને સાવધાન થઈને સાંભળવી. અને બાઈઓમાં બાઈઓને અને ભાઈઓમાં ભાઈઓને હેત રાખવું, કારણ કે હેતે કરીને એક બીજાની ખોટ કહેવાય અને કહેનારાનું મનાય. માટે હેત મોટી વાત છે અને સૌ સત્સંગીને શ્રીજીમહારાજની બાંધેલી મર્યાદામાં સાવધાન થઈને વરતવું, અને કદી પણ પંચવર્તમાનમાં ફેર પાડવો નહી. કારણ કે મન ઈન્દ્રિયો મોટા અંતરશત્રુ છે. તેણે આગળ મોટા મોટાને પણ ભૂલ ખવરાવી છે. અને આજતો અતિશય કળીનું બળ છે, તેથી મન ઈન્દ્રિયોને વશ થઈને સારા સારા મોટા મનુષ્યોથી પણ અનિષ્ટ કર્મ બની જાય છે. માટે ધર્મની લાજ રાખવી, કેમ જે લાજ તો વૈરાગ્યનું કામ કરે છે અને જેને લોકની તથા સત્સંગની લાજ આડી ન આવે તેને તો વર્ણ બહાર જાણવો અને તેવા મનુષ્ય ઢોર જેટલી માર ખાય છે, દંડ ભરે છે. આબરૂ ગુમાવે છે અને કેટલાક તો જીવથી પણ માર્યા જાય છે.

માટે સૌ સત્સંગીને સાવધાન રહેવું અને પંચવર્તમાનમાં ફેર પડવા ન દેવો અને મોટેરા હોય તેણે બીજાને વરતાવવા. તેમાં



ગામડાંમાં ત્રણ વર્તમાન તો સૌ પાળે છે, પણ ચોરીદારીમાં કેટલાક ગાફલને ફેર આવી જાય છે તે સાવધાન રહેજો અને ચોરીદારીમાં ફેર આવેતો ગમે તેવો મોટો હોય તેને પણ મંદિરમાં પેસવા દેવો નહીં. અને સારો ખપવાળો મનુષ્ય હોય તેને કદીક ફેર પડી જાય તો ઘણો ફજેત ન કરવો. ને સારા સત્સંગી હોય તેણે તેને એકાંતે બેસાડીને જેમ ઘટે તેમ કહેવું, અને પાછો તે માર્ગે ન જાય તેવી શિક્ષા કરવી, ને તે સત્સંગીની શિક્ષા નહીં માને તો અમે શિક્ષા કરીશું પણ તેને મોટો મનુષ્ય જાણીને અથવા સંબંધી જાણીને કોઈને તેનો પક્ષ ન રાખવો અને જેને શ્રીજીમહારાજના ધામમાં જવું હોય, તેણે તો મહારાજનાં વચન ઉપર સુરત રાખવી. કારણ કે હાલે જગતમાં કોઈ સંપ્રદાયમાં કહેનારા નથી. અને ધર્મગુરુ પોતાના ધર્મ મુકીને વરતે છે. તો આજે વર્તમાન કાળે મન ઈન્દ્રિયો નિયમમાં રાખીને ગુરુ તથા શિષ્ય શાસ્ત્ર પ્રમાણે કોઈ ધર્મ પાળતા નથી. તેથી કોઈને પળાવી પણ શક્તા નથી અને આજ તો શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે ધર્મ સાધુ પાળે છે, તેથી સત્સંગીને પણ દુઃખ લગાડી ધર્મમાં વર્તાવે છે. તેમજ ગામમાં ચાર મોટેરા હરિજન હોય તેણે ધર્મમાં વરતવું અને સૌને ધર્મમાં વરતાવવા અને મોટા થઈને પોતાના અધિકાર પ્રમાણે બીજાને ધર્મનો ઉપદેશ ન કરે, તો તે ભગવાનનો ગુન્હેગાર થાય છે અને સત્સંગમાં નાનો હોય કે મોટો હોય પણ જે ધર્મનો પક્ષ રાખીને બીજાને ધર્મ પળાવે તો તે નાનો હોય તો પણ મોટો જાણવો. અને તેના કહેવા પ્રમાણે સૌને ધર્મમાં વરતવું. અને ઉપર લખ્યું તે પ્રમાણે ધર્મમાં વરતવાની ગરજ હોય તેને શાસ્ત્ર પ્રમાણે વિધિ કરાવીને સત્સંગમાં રાખવો અને જેને સત્સંગની ગરજ ન હોય તથા અતિ લબાડ હોય તો તેની મોબત ન રાખવી. અને ગમે

તેવો હોય તો પણ સત્સંગથી બહાર કાઢી મુકવો.

બીજું શ્રીજીમહારાજે બાઇ ભાઇનું ઘણું છેટું રાખ્યું છે. તેથી બાઇ ભાઇને ભેગા બેસીને કથા વાર્તા કરવાની આજ્ઞાનથી, માટે તે ન કરવું અને સંબંધીમાં બાઇ ભાઇને ભેગા બેસીને મહારાજની વાત કરવાનો ઘણો બાધ નથી. બીજું શ્રીજી મહારાજના તથા ભગવાનના ભક્તના મહિમાનો ઓથ લઈને મહારાજની આજ્ઞા ન લોપવી, કારણ કે સર્વે સાધન આજ્ઞામાં છે. અને આજ્ઞા લોપી ગમે તેટલાં સાધન કરો પણ ભગવાન રાજી થાતા નથી. બીજું સત્સંગમાં કેટલાક થોડી સમઝણવાળા મનુષ્યો તોફાન શીખે છે. અને થોડી સમઝણવાળા લોકોને યંત્ર મંત્રથી તથા ભુવા થઈને ભુલ ખવરાવે છે. માટે તેવા મનુષ્યોને પણ સત્સંગથી બહાર કાઢી મુકવા. અને મંદિરમાં આવવાની બંધી રાખવી. બીજું સર્વે સત્સંગીઓએ જુઠું ન બોલવું, તથા, ગાળ ન દેવી, ભૂડું ન બોલવું, તથા બજર,બીડી, ડુંગળી, લસણ, વઘાણી ખાવું નહીં. અને સાજેમાંદે જાણીતા વૈદ્યનું ઓષડ ખાવું પણ અજાણ્યા વૈદ્યનું તથા ડોક્ટરનું ઓષડ સત્સંગી કોઈને ન ખાવું અને ભૂલમાં ખાશે તો તેને પ્રાયશ્ચિત કરવું પડશે. બીજું કેટલાક અલ્પ બુદ્ધિવાળા મનુષ્ય ફળ પુષ્પ આદિકની ચોરી કરે તથા પોતાની કમાણીમાંથી અન્ન વસ્ત્રની ચોરી કરે, તેથી ઘણી હલકાઈ થઈ જાય છે. તથા દંડ ભરવો પડે. માટે કુસંગીના સંગે કરીને એવું અનિષ્ટ કામ ન કરવું. બીજું પોતાની કમાણીનો ધર્માદો તથા મંદિરનું ધન તથા વિધવાનું ધન ગૃહસ્થના ઘરમાં રહી જાય તો ઘણો બિગાડ કરે છે, માટે તે કોઈ રીતે ન રાખવું. આજ કળીમાં એકાકાર થવા લાગ્યું છે, માટે જે સત્સંગી હોય તેણે ઉતરતી વર્ણના ત્રાંબા પીતળનાં વાસણનું તથા લોઢાની ડોલનું તથા દારૂ માટીનો જે



વાસણને યોગ થયો હોય તેવા વાસણનું પાણી સત્સંગી કોઈને ન પીવું. બીજું ચણા વિગેરે લોટનો તળેલો સામાન બજારમાંથી લઈને જમ્યામાં કોઈ સત્સંગીને ન વાપરવો. કારણ કે તેમાં વર્ણાશ્રમનો ધર્મ બિલકુલ રહેતો નથી. બીજું સત્સંગીના નોરમાં ન ઘટે તેવી કલમું ઉપર લખી છે તેમાં ફેર આવશે તો તેનો સત્સંગના નોર પ્રમાણે દંડ ભોગવવો પડશે.

બીજું આ લખ્યું છે તે તમને પોતાના જાણીને આલોકમાં તથા પરલોકમાં તમારૂં સારૂં થાય તે માટે લખ્યું છે. માટે તમે પણ સૌ સાવધાન થઈને મહારાજની આજ્ઞા પાળીને સાચા દિલથી ભગવાન ભજવાનો ખરો આદર રાખજો, કારણ કે સ્વભાવ મુકીને ભગવાન ભજશું તો અંતે મહારાજ આપણી ખબર રાખશે અને પોતાના ધામમાં તેડી જાશે. ને આજ્ઞા લોપશું તો આલોકમાં પણ દુ:ખ થાશે, અને હાલે વર્તમાન કાળે સત્સંગના ધર્મ જે સારી રીતે પાળે છે. તેને અન્ન વસ્ત્ર તથા આબરૂમાં પણ ખામી આવતી નથી. અને દેહ મુકવા ટાણે પણ મહારાજ અતિઆશ્ચર્ય કારક ચમત્કાર દેખાડીને પોતાના ધામમાં તેડી જાય છે. માટે હંમેશાં ભગવાનને અંતર્યામી જાણી તેની બીક રાખવી, કારણ કે ભગવાનતો જીવ સામું જોઈ રહ્યા છે. અને જીવ જેવું કર્મ કરે છે તેવું ફળ તેને આપે છે. માટે સુખી થવું હોય તેણે ખાતાં પીતાં હાલતાં ચાલતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનની બીક રીખવી.

અને સ્વભાવ પ્રકૃતિથી તથા લીધે દીધે પાંચ પચીસનો ઘાસ આવે તો પણ ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો, તો તેનો ભગવાન તથા ભગવાનના ભક્ત ઘણો પાડ માનશે. તે દ્રોહનું પંચ મહપાપ કરતાં પણ વધારે પાપ શાસ્ત્રમાં લખ્યું છે. માટે ભગવાનની આજ્ઞા

બાઇ તથા ભાઇ નાના મોટા સૌને પાળવી. બીજું જેને ભગવાન ભજવા હોય અને પોતાના જીવનું રૂડું કરવું હોય, તેણે ઉપર લખેલી કલમો અતિ ગરજુ થઇને પાળવી અને પોતાની જે કાંઇ ખોટ હોય તે સમજીને ટાળી નાખવી.

બીજું કોઇને દોરા ધ્રાગામાં પ્રતીતિ ન રાખવી. અને ભગવાનની ઉપાસના મુકીને શાસ્ત્ર વિરૂદ્ધ જ્યાં ત્યાં સમજ્યા વિના માથાં ન ભટકાવવાં, બીજું ઉપર લખી કલમો સૌને પાળવાનો તથા પળાવવાનો અતિ આગ્રહ રાખશો તો તેના ઉપર શ્રીજીમહારાજ ઘણા રાજી થશે, એજ મનુષ્ય દેહ ધરીને ખરૂં કરવાનું છે. બીજું કોઇને વરતવામાં ફેરફાર હોય તો ચાર મોટેરા હોય તેને કહેવું અને મોટેરા કદાચિત આળશે કરીને કે મોબતે કરીને કે પક્ષપાતે કરીને કોઇને ચોખ્ખું કહી ન શકે એવા હોય તો સાધુને આગળ આવીને કહેવું, પણ તે વિના બીજા કોઇને વધારે કાંઇ પણ કહેવું નહીં, ને કોઇ ઉન્મત્તાઇથી વધારે બોલીને વિક્ષેપ કરશે તો તેને ઘણુંક કહેણ થશે.

બીજું ગાય, ભેંસ, ઊંટ, બળદ, ગધેડું વિગેરે એવા મોટા જનાવર મરાઇ જાય કે અથવા એથી પણ વધારે પાપ અજાણમાં થઇ જાય તો એનું અન્ન જળ પ્રાયશ્ચિત કર્યાથી આગળ સાધુ તથા હરિભક્ત કોઇને ખાવું પીવું નહીં. આ પત્રમાં લખેલી કલમો સત્સંગી સર્વે વાંચી વિચારી યાદ રાખજો, આ પત્ર બાઇયું તથા ભાઇયોના મંદિરમાં હમેશાં એકાદશીને દિવસે વાંચવો એ જ સં.૧૯૫૩ના પોષ સુદ -૧૩



# બીજો પત્ર

કેટલાક દેશમાં તથા પરદેશમાં રહેનારા સત્સંગીઓને અસાવધાન પણું ટાળવા માટે અતિ આગ્રહ પૂર્વક આ કાગળ લખવાની જરૂર છે.

કચ્છ પ્રાંત મધ્યેની ઉદ્ધવી સંપ્રદાયના સત્સંગી સમસ્ત પ્રત્યે લખવાનું કે સત્સંગી બાઇ ભાઇને શ્રીજીમહારાજે શિક્ષાપત્રી લખી આપી છે. તે શ્રીજીમહારાજની આજ્ઞા સૌને જાણવામાં છે તો પણ કેટલીક ખબર રાખ્યા વિના એકદેશી સમજણથી આજ્ઞામાં ફેરફાર આવી જાય છે, ને શાસ્ત્ર માત્રમાં સ્ત્રી ધનનો નિષેધ કર્યો છે, ને શ્રીજીમહારાજે તો અતિશે નિષેધ કર્યો છે. તે હમેશાં આપણા સાંભળવામાં તથા વાંચવામાં આવે છે. પણ કેટલીક વાતની ખબર રહેતી નથી ને કેટલીક ખબર હોય તો પણ ઉન્મત્તાઇથી વરતાય છે. અથવા ભગવાનના મહિમાનો ઓથ લઇને આજ્ઞાનો ભાર રહેતો નથી. ને કોઇ કહેછે તેનું પણ મનાતું નથી. તેવી રીતે મનને ગમતી ભગવાનની ભક્તિ કરશું તો પણ શ્રીજીમહારાજ કોઇ રીતે રાજી થાય તેમ નથી. માટે શ્રીજીમહારાજે ત્યાગીને તો સ્ત્રી ધનથી અતિશે છેટે રાખ્યા છે. તો પણ એ વાતની ઘણી ખબર રાખવી પડે છે અને ગૃહસ્થને થોડોભેળી સારો રાખ્યો છે તેથી હદ લોપાઇ જાય છે. માટે બાઇઓ તથા ભાઇઓને ભેગા બેસીને કથા વાર્તા કરવી નહીં ને જે ગામમાં બાઇઓનાં તથા ભાઇઓનાં મંદિર જુદાં હોય, તો બીજે ક્યાંય નિયમબંધા કોઇને ઘરે દર્શને જવું નહીં, ને વાડી તથા ખેતરે મહિમા સમજીને એક કે બે જણાને મોટેરા જાણીને પણ દર્શને જાવું નહીં, ને જરૂર પ્રયોજન હોય તો ચાર જણ મળીને જાવું ને પ્રયોજન

માત્ર વાત કરવી પડે તથા સત્સંગ સંબંધની વાત કરવી પડે તો તેનો ઘણો બાધ નહીં. પણ ભેળા બેસીને સભા કરીને વાત કરવી નહીં અને સમીપ સંબંધી હોય તેને ઘટે તેમ વાત કરવી, તેમાં પણ થોડી અવસ્થા વાળાને ઘણી બીક રાખવી. પણ મહિમાનો ઓથ લઈને ઉન્મત્તાઈથી કોઈ રીતે શ્રીજીમહારાજની આજ્ઞા લોપવી નહીં ને વખતે જરૂર પ્રયોજન પડે ને મહારાજની આજ્ઞામાં કાંઈ ફેરફાર થતો હોય તથા વ્યવહાર પક્ષે લીધે દીધે વિક્ષેપ થાય એમ હોય, તો ચાર ભાઈઓ સારા સત્સંગી પીઠ મનુષ્ય હોય ને તે બાઈઓનાં મંદિરમાં જઈને જે વાતનું પ્રકરણ હોય તે વાત કરવા જાય તેનો બાધ નહીં. પણ હમેશાં કોઈ દિવસ બાઈ ભાઈને સભા કરવી નહીં ને પ્રથમ લખ્યું તેવી જ રીતે ભાઈઓને કહેવું હોય તો બાઈઓ ચારને મરજાદા રાખીને કહેવું. કચ્છમાં સાંખ્યયોગી બાઈઓ તો ઘણાં છે, પણ કેટલાંકને વર્તવામાં ઘણો ફેર રહી જાય છે. માટે સાંખ્યયોગ ગ્રહણ કરવો ત્યારે તો પોતાની હદ પ્રમાણે બરાબાર વર્તવું ને દેહ નિરવાને અર્થે કામકાજે જવું તે પણ પોતાનો ધર્મ રહે તેવું હોય ત્યાં જવું અને જ્યાં કામે જવું ત્યાં બે ભાઈ તથા બે બહેનો હોય તેની સાથે જવું પણ એકલાં જવું નહીં. ને દિવસ ઉગ્યા પછી અને દિવસ આથમ્યા પહેલાં જે થાય તે કામ કરવું. બાકી ઘણો લોભ રાખવો નહીં ને ફક્ત દેહ નિરવા કરીને પોતાના ધર્મમાં રહીને શ્રીજીમહારાજનું ભજન કરવું ને વધારે ધન મહારાજે આપ્યું હોય તો વાપરવું. નહીંતો ધર્મ અર્થે પણ વાપરવાની જરૂરાત નથી. જે તે પ્રકારે ધર્મની રક્ષા કરવી.

બીજું સાધુ ગામડે ફરવા જાય છે ત્યારે દર્શનના લોભ સારૂં



મહારાજની મર્યાદા લોપીને પ્રસિદ્ધ થઈને શેરીયુંમાં બાઈઓ ઉભાં રહે નહીં, અને ઘણી મર્યાદા રાખવી તેમાં શ્રીજી મહારાજનો ઘણો રાજીપો છે. બાઈઓને જેને સાંખ્યયોગ ધર્મ પાળવો હોય તેને પોતાની મેળે સાંખ્યયોગ ગ્રહણ ન કરવો ને ચાર મોટેરા સારા હરિભક્ત સાંખ્યયોગી હોય તથા ચાર મોટેરાં સાંખ્યયોગી બાઈઓ હોય તેઓ ખાત્રી કરી રજા આપે ત્યાર પછી સાંખ્યયોગ ધારણ કરવો. તેમ મોટેરાઓને ઉપર લખ્યા પ્રમાણે સાંખ્યયોગીઓને બરાબર તપાસ કરતાં ખાત્રી આવે તો જ સાંખ્યયોગ ધારણ કરવાની રજા આપવી. સાંખ્યયોગી બાઈઓને રાત્રે કોઈને ઘરે એકલાં જવું નહીં. અને મંદિરમાં તથા પોતાને ઘેર રહેવું અને અવશ્યનું કામકાજ હોય તો બે બાઈઓએ મળીને જવું, બીજું સાંખ્યયોગી બાઈઓને દેહ દમન કરવું તથા ગૃહસ્થનાં છોકરાં રમાડવાં નહીં. ગ્રામ્યવાર્તા કરવી નહીં. નેત્રને અતિશે નિયમમાં રાખવાં ને વાણીને તથા રસના પણ અતિશે નિયમમાં રાખવી ને કથા વાર્તામાં તથા ધ્યાન ધરવામાં અતિશે રૂચિ તથા અભ્યાસ રાખવો, તો આજ્ઞા ઉપર હમેશાં ઘણી સુરત રહે, ને કારણ શરીરની વાસના પણ આજ્ઞામાં વરતવાથી અથવા ધ્યાન કરવાથી બળે છે. તે વચનામૃતમાં કહ્યું છે. માટે જેને ભગવાનના ધામમાં જાવું હોય તેને નાની તથા મોટી મહારાજની આજ્ઞા ઉપર ઘણી સુરત રાખવી પણ ભગવાનનો તથા ભગવાનના મહિમાનો ઓથ લઈને કોઈ દિવસ મહારાજની આજ્ઞા લોપવી નહીં. આ પત્ર પ્રમાણે બરાબર વરતવું અને આ પત્ર બાઈઓ તથા ભાઈઓના મંદિરમાં હમેશાં એકાદશીને દિવસ વાંચવો. સંવત્ ૧૯૫૫ ના કારતક સુદ ૧૫ ને સોમવાર.